# :: ઋણસ્વીકાર ::

મારા આ મહાશોધ પ્રબંધના સંશોધન કાર્યમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રૂપમાં જે વ્યક્તિઓએ મને સાથ-સહકાર અને પ્રોત્સાહન આપ્યું છે. એવા સૌ કોઈના સહૃદયપૂર્વક આભાર માની ઋણસ્વીકાર કરું છું. સૌપ્રથમ તો મારે મારા પરમ મિત્ર અને શ્રી દેવમણી આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, વિસાવદરનાં ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. અરુણ જે. કક્કડ સાહેબનો આભાર માનીશ કેમ કે, એમની પ્રેરણા અને પ્રોત્સાહનથી આ સંશોધનકાર્ય કરવાની મારી મહત્ત્વકાંક્ષા પૂરી થઈ. મારા આ સંશોધન માટેના માર્ગદર્શક પણ તેઓ બની મને યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. ડૉ. બળવંત જાની સાહેબે પણ મને આ સંશોધનનું દિશા જ્ઞાન આપ્યું છે. ગુજરાતી ભાષા સાહિત્ય ભવનનાં અધ્યક્ષશ્રી ડૉ. નીતિન વડગામા સાહેબનો પણ આ પળે હું આભાર માનું છું આ કામમાં મને ઘણા અધ્યાપક મિત્રોએ સામગ્રીશોધન અને સામગ્રીચયનમાં મદદ કરીને સહકાર આપ્યો છે. પરિવારજનોનો સાથ તો મને હંમેશા રહ્યો છે.

આ સંશોધન માટેના સંદર્ભગ્રંથો જે સંસ્થાઓનાં ગ્રથાલયમાંથી મને મળ્યા તે તમામ સંસ્થાઓનો આભાર માનતાં પહેલા અમારી એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-કેશોદ કોલેજના પ્રિન્સીપાલ શ્રી ડૉ. નાથાલાલ ગોહિલ તેમજ પરમાર સાહેબ તથા ગ્રંથપાલશ્રીનો મનહૃદયપૂર્વક સહર્ષ આભાર માનું છું. તેમજ અન્ય સંસ્થાઓનાં પ્રમુખશ્રીઓ, પ્રિન્સીપાલશ્રીઓ અને ગ્રંથપાલશ્રીઓનો સાભાર ઋણસ્વીકાર કરી આભાર માનું છું. જેઓએ મને પુસ્તકોનાં ઉપયોગ માટે પરવાનગી આપી છે. એમાં એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-કેશોદ, ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ, શ્રી ભાઈકાકા લાઈબ્રેરી-વલ્લભ વિદ્યાનગર, જૂનાગઢ જિલ્લા સરકારી લાઈબ્રેરી-જૂનાગઢ, એન.એસ. પટેલ આટર્સ કોલેજ-આણંદ, ગુજરાતી ભાષા સાહિત્ય ભવન-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ, અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય -રાજકોટ જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

આ સૌની સાથોસાથ જેમણે મને આ સંશોધનકાયમાં મદદ કરી છે એવો એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-કેશોદ, કોલેજના ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી વિષયના અધ્યાપકોનો પણ પૂરો સાથ અને હાથ છે. આમ, તો કોલેજ પરિવારના બધાં જ સભ્યો આ કામમાં મને સહાયરૂપ બન્યાં છે. એમનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું. અહીં

વ્યક્તિગત બધાના નામ મૂકીને આભાર માનવો થોડો મુશ્કેલ છે. માટે જેઓ મારા પરિચિત હોય કે અપરિચિત હોય એવા તમામ વ્યક્તિઓનો આ ક્ષણે ઋણસ્વીકાર કરી આભાર માનું છું.

**શુકલ મહેશ મનજીભાઇ**